## 'ગુજરાતી લેક્સિકોન ડોટ કોમ' નું લોકાર્પણ

નાઈરોબીમાં જન્મેલા અને ૮૩ વર્ષની વયે પણ મન હૃદયથી યુવાન એવા શ્રી રતિલાલભાઈ ચંદરિયા વ્યાપારી તરીકે તો ખરાં જ, લોકહિતની જાહેર સંસ્થાઓના સ્થાપક તરીકે પણ જાણીતા છે. ગુજરાતી ભાષામાં રસ ધરાવતી વર્તમાન તેમજ ભાવિ પેઢીઓને ઉપયોગી થઈ શકે તે હેતુથી રતિભાઈએ બે દાયકા જેટલા સમય સુધી અથાગ મહેનત કરી ગુજરાતી ભાષાની ડિજીટલ ડિક્શનરી તૈયાર કરી છે. અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેમણે ગુજરાતી ડિક્શનરીનું વિવિધ ફોર્મેટમાં કમ્પ્યુટરીકરણ કર્યું છે, જેમાં ગુજરાતી-અંગ્રેજી, અંગ્રેજી-ગુજરાતી, ગુજરાતી-ગુજરાતી શબ્દકોશો ઉપરાંત થિસોરસ, ગુજરાતી વિરુદ્ધાર્થ શબ્દકોશ અને ગુજરાતી સ્પેલચેકર ઉપલબ્ધ છે.

ચંદરિયા ફાઉન્ડેશન દ્વારા તા. ૧૩ જાન્યુ.ના રોજ મુંબઈ ખાતે સુશ્રી ધીરુબહેન પટેલના હસ્તે શ્રી દીપકભાઈ પારેખ, શ્રી વિપુલભાઈ કલ્યાણી તેમજ અનેક ગુજરાતી ભાષાપ્રેમીઓની ઉપસ્થિતિમાં ગુજરાતી લેક્સિકોન ડોટ કોમ નું લોકાર્પણ કરવામાં આવ્યું. કમ્પ્યુટર અને ગુજરાતીનો સમન્વય કરી કામ કરનારા માટે આ પ્રકલ્પ અત્યંત ઉપયોગી બની રહેશે, તેમાં બેમત નથી. રતિભાઈ તથા ચંદરિયા ફાઉન્ડેશનને અભિનંદન.



સુશ્રી ધીરુબહેન પટેલના હસ્તે ગુજરાતી લેક્સિકોન ડોટ કોમ નું લોકાર્પણ